### આરોપીઓ ઉપર કરાતા અમાનવીય વર્તન પર DGPનો કડક પ્રતિબંધ

# ગુજરાત પોલીસનો મોટો નિર્ણય : હવે આરોપીઓનું જાહેરમાં સરઘસ નહીં

**રાજ્ય** પોલીસ વડા દ્વારા તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાને કડક લેખિત આદેશ અપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.13

ગુજરાતમાં હવે આરોપીઓ અને ગુનેગારોને જાહેરમાં અપમાનજનક સજા આપવાની પોલીસ પદ્ધતિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. રાજ્યના પોલીસ વડા DGP ડો. કે. એલ. એન. રાવ દ્વારા તમામ પોલીસ કમિશનર, રેન્જ IG, SP અને અન્ય ઉચ્ચ અધિકારીઓને કડક લેખિત આદેશ પાઠવવામાં આવ્યા છે. નવા નિર્દેશો મુજબ હવે કોઈપણ આરોપીનું જાહેરમાં સરઘસ કાઢવું, તેને લોકો સમક્ષ શરમજનક સ્થિતિમાં મૂકવું અથવા અમાનવીય વર્તન કરવું કાયદેસર ગણાશે નહીં.

રાજ્ય પોલીસ વડાએ સ્પષ્ટ કર્યું છે કે આરોપીની ધરપકડ બાદ પોલીસની ફરજ તેની સુરક્ષા અને માનવ અધિકારોનું સંરક્ષણ કરવાની છે. આરોપીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતી વખતે અથવા તપાસ માટે લઈ જતી વખતે તેની સાથે માનવિય વર્તન જ રાખવું પડશે. નવા નિયમો મુજબ હવે આરોપીઓને જાહેરમાં ઉઠક-બેઠક કરાવવી, ઘૂંટણીએ ચલાવવું, મુર્ગો બનાવવો, કાન પકડાવી માફી મંગાવવી અથવા લાત-લાકડીથી માર મારવો સંપૂર્ણ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023 મુજબ હવે માત્ર આતંકવાદ, ડ્રગ્સ, હત્યા, બળાત્કાર જેવા ગંભીર ગુનાઓમાં અથવા રીઢા ગુનેગારોના કેસમાં જ હાથકડીનો ઉપયોગ કરી શકાશે. સામાન્ય ગુનાઓમાં હાથકડી પહેરાવવા માટે મેજિસ્ટ્રેટની મંજૂરી ફરજિયાત રહેશે. DGP દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો કોઈ પોલીસ અધિકારી અથવા કર્મચારી આ આદેશોનું ઉલ્લંઘન કરશે તો તેના વિરુદ્ધ કડક શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સંબંધિત DCP, SP અથવા ઉચ્ચ અધિકારીઓને પણ સીધી જવાબદારી સોંપવામાં આવી છે.

#### નિયમ ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરાશે



રાજ્ય પોલીસ વડા દ્વારા જાહેર કરાયેલા નવા પરીપત્ર મુજબ હવે આરોપીઓને જાહેરમાં ઉઠક-બેઠક કરાવવી, ઘૂંટણીએ ચલાવવો, માર મારવો કે માફી મંગાવવી જેવી અમાનવીય હરકતો પર પ્રતિબંધ મુકાયો છે. આરોપીના માનવ અધિકારો અને આત્મસન્માન જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ છે. નિયમ ભંગ કરનાર સામે કડક કાર્યવાહી થશે.

## બરોડા રાઈફલ ક્લબ દ્વારા 16મીથી ટ્રેનિંગ કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા સ્થિત બરોડા રાઈફલ ક્લબ દ્વારા મે 2026 દરમિયાન "ફાયર આર્મ્સ પ્રોફિશિયન્સી ટ્રેનિંગ કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ કેમ્પનો પ્રારંભ 16 મે થી થશે અને દરરોજ સાંજે 4 થી 6 વાગ્યા સુધી તાલીમ આપવામાં આવશે. કેમ્પનો મુખ્ય હેતુ નાગરિકોને ફાયર આર્મ્સના સુરક્ષિત ઉપયોગ, યોગ્ય હેન્ડલિંગ અને પ્રાથમિક તાલીમ અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવાનો છે. અનુભવી ટ્રેનરો દ્વારા તાલીમ આપવામાં આવશે જેથી ભાગ લેનારાઓમાં સુરક્ષિત હથિયાર ઉપયોગ અંગે જાગૃતિ વિકસે. રસ ધરાવતા નાગરિકોને તાલીમ શરૂ થવાના ઓછામાં ઓછા ચાર દિવસ પહેલા નોંધણી કરાવવા જણાવાયું છે. નોંધણી પૂર્ણ કરનાર ઉમેદવારોને જ પ્રવેશ આપવામાં આવશે. વધુ માહિતી માટે મોબાઈલ નંબર 9428790302 પર સંપર્ક કરી શકાય છે.

### વડોદરાના ઐતિહાસિક વારસાના જતન માટે સમિતિ બનાવાઈ

# રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય, 50 વર્ષ બાદ 'હેરિટેજ કન્ઝર્વેશન કમિટી'ની રચના

(પ્રતિનિધિ) વડોદરા. તા.13

વડોદરાની સમૃદ્ધ સાંસ્કૃતિક, ઐતિહાસિક અને વાસ્તુશિલ્પીય ધરોહરને સંરક્ષિત રાખવા માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ અને દુરંદેશી નિર્ણય લીધો છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વડોદરા મહાનગરપાલિકા તથા વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (VUDA) વિસ્તાર માટે સત્તાવાર 'હેરિટેજ કન્ઝર્વેશન કમિટી'ની રચનાને મંજૂરી આપવામાં આવી છે. લગભગ પાંચ દાયકાઓ બાદ વડોદરાના હેરિટેજ સંરક્ષણ ક્ષેત્રે આ સૌથી મોટો સંસ્થાગત વિકાસ માનવામાં આવી રહ્યો છે.

1 મે 2026ના રોજ જાહેર કરાયેલા સરકારી ઠરાવ અંતર્ગત Comprehensive General Development Control Regulations (CGDCR-2017) ની અનુસૂચિ-19 મુજબ આ સમિતિની રચના કરવામાં આવી છે. આ નિર્ણયથી શહેરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક મિલકતોના જતન માટે પ્રથમ વખત મજબૂત કાયદાકીય અને વહીવટી માળખું ઉભું થયું છે.

નવી રચાયેલી સમિતિમાં સરકારી અધિકારીઓ ઉપરાંત દેશભરના જાણીતા હેરિટેજ અને વાસ્તુશિલ્પ નિષ્ણાતોને સ્થાન આપવામાં આવ્યું છે. વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ટેક્નિકલ નિષ્ણાતો તરીકે પ્રોફેસર આર.જે. શાહ, અર્બન ડિઝાઈનર પ્રત્યુષ શંકર અને કન્ઝર્વેશન આર્કિટેક્ટ ગુરમીત એસ. રાયનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, રાજ્ય પુરાતત્વ વિભાગ, પર્યાવરણવિદ લોકેન્દ્ર બાલસારિયા તથા એમ.એસ. યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પ્રતિનિધિઓને પણ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ગાયકવાડ શાસનકાળના ભવ્ય મહેલો, ઐતિહાસિક ઈમારતો અને પરંપરાગત વિસ્તારો વડોદરાની અનોખી ઓળખ માનવામાં આવે છે. પરંતુ ઝડપથી વધી રહેલા શહેરીકરણ અને આધુનિક વિકાસ વચ્ચે આ વારસાને નુકસાન ન થાય તે માટે લાંબા સમયથી હેરિટેજ કન્ઝર્વેશન કમિટીની જરૂરિયાત અનુભવાઈ રહી હતી.

સમિતિ હેરિટેજ ઈમારતોની વૈજ્ઞાનિક ઓળખ, જાળવણી અને પુનઃસ્થાપન માટે કાર્ય કરશે. સાથે જ જૂની ઈમારતોનો આધુનિક ઉપયોગ વધારવા અને સાંસ્કૃતિક પર્યટનને પ્રોત્સાહન આપવા પર પણ ભાર મુકવામાં આવશે. આ નિર્ણય વડોદરાના ઐતિહાસિક વારસાને આગામી પેઢીઓ માટે જીવંત રાખવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

### ઢાભા અને રેસ્ટોરાંના સંચાલકોને મોંઘવારીનો બેવડો માર

# કોમર્શિયલ સિલિન્ડરમાં તોતિંગ વધારા બાદ હવે 'ફાયર બોલ'નો નવો બોજ

**1મે થી** ગેસના ભાવ આસમાને પહોંચતા સંચાલન ખર્ચમાં ધરખમ વધારો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

રાજ્યમાં નાના વેપારીઓ, હોટેલ-રેસ્ટોરાં સંચાલકો અને ખાણી-પીણીના ધંધા સાથે જોડાયેલા લોકો માટે મે મહિનાની શરૂઆત ભારે આર્થિક બોજ લઈને આવી છે. 1 મે 2026થી 19 કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા જંગી વધારાથી વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એકસાથે 993નો વધારો થતાં વડોદરા સહિત રાજ્યભરમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત હવે 3,000ને પાર પહોંચી ગઈ છે. આ વધારાએ ખાસ કરીને નાના ધંધાર્થીઓની કમર તોડી નાખી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.



હોટેલ, રેસ્ટોરાં, ઢાબા અને ચા-નાસ્તાની લારીઓ ચલાવતા વેપારીઓ માટે ગેસ સિલિન્ડર મુખ્ય જરૂરિયાત ગણાય છે. ગેસના ભાવમાં થયેલા આ તોતિંગ વધારાની સીધી અસર હવે ગ્રાહકોના ખિસ્સા પર પણ પડશે. વેપારીઓએ મેનુના ભાવમાં વધારો કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સામાન્ય લોકો માટે બહાર જમવાનું અને નાસ્તો કરવો હવે વધુ મોંઘો બની શકે છે. ખાસ કરીને ચાના ભાવમાં 2થી 5 સુધીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

માત્ર ગેસના ભાવવધારાથી જ નહીં, પરંતુ સુરક્ષાના નવા નિયમોને કારણે પણ વેપારીઓની ચિંતા વધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે દરેક કોમર્શિયલ ગેસ સિલિન્ડર સાથે 'ફાયર બોલ' ખરીદવો ફરજિયાત કરવામાં આવી શકે છે. આગ અને અકસ્માતોની ઘટનાઓ અટકાવવા માટેનો આ નિર્ણય સુરક્ષાની દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, પરંતુ નાના વેપારીઓ માટે તે વધારાનો આર્થિક બોજ સાબિત થઈ શકે છે.

સ્થાનિક વેપારીઓનું કહેવું છે કે પહેલાથી જ કાચા માલના વધતા ભાવ અને મંદીના માહોલ વચ્ચે ધંધો ચલાવવો મુશ્કેલ બન્યો છે. તેમાં હવે ગેસના ભાવમાં સીધો હજાર રૂપિયાનો વધારો થતાં નાના વ્યવસાયકારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વેપારીઓએ સરકારને ભાવવધારા પર પુનર્વિચાર કરવા અને નાના ધંધાર્થીઓને રાહત આપવા માંગ કરી છે.

### ઇન્ડિયા-કેનેડા SME બિઝનેસ કાઉન્સિલની શરૂઆત

# કાઉન્સિલના સિનિયર વા. પ્રેસિડેન્ટ તરીકે ડૉ. મુકુંદ પુરોહિતની વરણી

**ભારત-કેનેડા** વચ્ચે વેપાર, રોકાણ અને ઉદ્યોગ સહકારને મળશે નવી દિશા

(પ્રતિનિધિ) વડોદરા. તા.13

ભારત અને કેનેડા વચ્ચે દ્વિપક્ષીય વેપાર તેમજ ઈનબાઉન્ડ-આઉટબાઉન્ડ રોકાણોને પ્રોત્સાહન આપવા SME ચેમ્બર ઓફ ઈન્ડિયા દ્વારા "ઈન્ડિયા-કેનેડા SME બિઝનેસ કાઉન્સિલ"ની શરૂઆત કરવામાં આવી છે. કાઉન્સિલ દ્વારા બંને દેશોના ઉદ્યોગકારો અને MSME ક્ષેત્રને નિકાસ-આયાત, માર્કેટિંગ, વ્યૂહાત્મક ભાગીદારી, જોઈન્ટ વેન્ચર, ટેકનોલોજી ટ્રાન્સફર અને કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ જેવી નવી તકો શોધવામાં સહાય આપવામાં આવશે.

કાઉન્સિલના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમાયેલા ડૉ. મુકુંદ પુરોહિતે જણાવ્યું હતું કે, તેઓ હાલમાં SME ચેમ્બર



ઓફ ઈન્ડિયાના નેશનલ એડવાઈઝર તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. નવી જવાબદારી અંતર્ગત કાઉન્સિલ ભારત અને કેનેડા વચ્ચે વેપાર અને રાજદ્વારી સંબંધોને વધુ મજબૂત બનાવવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરશે.

તેમણે ઉમેર્યું હતું કે કાઉન્સિલ વેપાર નીતિઓ, કસ્ટમ્સ, લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ, બેંકિંગ, કરવેરા અને શિપિંગ જેવા ઉદ્યોગ સંબંધિત પ્રશ્નોના ઉકેલ માટે પણ કામગીરી કરશે. સાથે જ બંને દેશોની સરકારો, બેંકો, સંશોધન સંસ્થાઓ, ચેમ્બર ઓફ કોમર્સ, ટેકનોલોજી પાર્ક અને સાંસ્કૃતિક સંગઠનોને એક મંચ પર લાવી સહકાર અને વિકાસને વેગ આપશે.

### તબીબો પર થયેલા હુમલા બાદ વહીવટી તંત્ર એક્શન મોડમાં

# તબીબો પરના હુમલા રોકવા પોલીસ-ફાયર દ્વારા ગોત્રી હોસ્પિટલ ખાતે મેગા મોકડ્રીલ

**DCP** જે.એમ. ચાવડાની હાજરીમાં ઈમરજન્સી રેસ્ક્યુ અને સુરક્ષા વ્યવસ્થાનું પ્રાયોગિક પરીક્ષણ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.13

શહેરની સરકારી હોસ્પિટલોમાં તબીબો અને નર્સિંગ સ્ટાફની સુરક્ષાને લઈને વહીવટી તંત્ર હવે એક્શન મોડમાં આવ્યું છે. તાજેતરમાં સયાજી હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબ પર થયેલા હુમલાની ગંભીર ઘટના બાદ, આજે ગોત્રી વિસ્તારની જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા એક મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલ પરિસરમાં અચાનક પોલીસના સાયરન અને ફાયર ફાઈટરોના આગમનથી એક તબક્કે કુતૂહલ સર્જાયું હતું, પરંતુ બાદમાં જાણવા મળ્યું હતું કે આ એક પૂર્વ-આયોજિત મોકડ્રીલ હતી. આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય હોસ્પિટલમાં જ્યારે કોઈ અણધારી હિંસક ઘટના બને અથવા આગ જેવી કટોકટી સર્જાય, ત્યારે ઓછામાં ઓછા સમયમાં કેવી રીતે કાબૂ મેળવવો અને સ્ટાફ-દર્દીઓને સુરક્ષિત બહાર કાઢવા તેનો હતો.

આ મોકડ્રીલ દરમિયાન સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ



કરવા માટે નોર્થ ઝોન-1ના DCP જે.એમ. ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડો. અનુપ ચંદાની અને હોસ્પિટલનો વહીવટી સ્ટાફ પણ જોડાયો હતો. DCP ચાવડાએ સુરક્ષા પાસાઓ અંગે જરૂરી સૂચનો આપ્યા હતા અને હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ્સને કટોકટીના સમયે પોલીસ સાથે તાલમેલ કેવી રીતે સાધવો તેનું માર્ગદર્શન આપ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી તબીબો સામે વધતી જતી હિંસાના વિરોધમાં મેડિકલ એસોસિએશનો દ્વારા સુરક્ષાની માંગ કરવામાં આવી રહી હતી. આજની આ મોકડ્રીલથી હોસ્પિટલના સ્ટાફમાં સુરક્ષાનો ભાવ જાગ્યો છે. સુપ્રિટેન્ડન્ટ ડો. અનુપ ચંદાનીએ જણાવ્યું હતું કે, આવી કવાયતો ભવિષ્યમાં પણ સમયાંતરે યોજવામાં આવશે જેથી કોઈપણ કટોકટી સામે લડવા માટે હોસ્પિટલ તંત્ર સજ્જ રહે.

# ઈન્દુ બ્લડ બેંક અને કેન્યા હેલ્થ વિભાગ MOU : આધુનિક મશીનનું દાન

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા સ્થિત ઈન્દુ હેલ્થ રિસર્ચ ફાઉન્ડેશન અને કેન્યા બ્લડ ટ્રાન્સફ્યુઝન એન્ડ ટ્રાન્સપ્લાન્ટ સર્વિસિસ વચ્ચે આરોગ્ય અને બ્લડ બેંકિંગ ક્ષેત્રે મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરાયો છે. આ અંતર્ગત ઈન્દુ બ્લડ બેંક દ્વારા કેન્યાના સિયાયા કાઉન્ટી બ્લડ બેંકને આધુનિક રેફ્રિજરેટેડ સેન્ટ્રિફ્યુજ મશીન ભેટ અપાયું છે. આ મશીન દ્વારા લોહીના ઘટકોને વધુ સુરક્ષિત અને વૈજ્ઞાનિક રીતે અલગ કરવાની પ્રક્રિયા સરળ બનશે, જેના કારણે દર્દીઓને ગુણવત્તાસભર બ્લડ સેવાઓ મળશે. પ્રસંગે બાલકૃષ્ણભાઈ શુક્લ અને ડો. જયપ્રકાશભાઈ સોની ઉપસ્થિત રહ્યા



હતા. ડો. વિજય શાહે જણાવ્યું હતું કે ભવિષ્યમાં તાલીમ, તકનિકી માર્ગદર્શન અને બ્લડ સુરક્ષા ક્ષેત્રે પણ સહયોગ વધારવામાં આવશે. કેન્યાના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ટેકનોલોજી ઈમરજન્સી સારવાર અને સર્જરી માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.

## હાલોલના ઉભરવણ ગામે પુત્રે પિતાને વાસના લાકડાના ફટકા મારી ઢીમ ઢાળી દીધુ

(પ્રતિનિધિ) હાલોલ

હાલોલ તાલુકાના મોટી ઉભરવણ ગામે પુત્રએ પિતાની લાકડાના ફાટક મારી હત્યા કરતા ગામમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રમણભાઈ રાઠવા પરિવાર સાથે રહેતા હતા. 11 મેના રોજ તેઓ પોતાની માતાને માર મારતા હોવાથી પુત્ર કિરણ ગુસ્સે થયો હતો. બાદમાં બંને ઘરેથી નીકળી ગયા હતા. બીજા દિવસે રાત્રે કિરણનો ફોન આવતા પરિવારજનો ઘરે પહોંચ્યા ત્યારે રમણભાઈ ખાટલા પર ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યા હતા. નજીકમાં લોહી લાગેલો લાકડાનો ડંડો પણ મળી આવ્યો હતો. પરિવારજનોએ પૂછપરછ કરતાં કિરણએ ડંડાથી માર માર્યો હોવાનું સ્વીકાર્યું હતું. ફરિયાદના આધારે પોલીસે કિરણ સામે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કુખ્યાત આરોપી મોઈન શેખની સયાજી હોસ્પિટલમાં તબીબી ચકાસણી

**ગળતેશ્વરના** અંગારી ગામનો શખ્સ ગુજસીટોક હેઠળ સકંજામાં

(પ્રતિનિધિ) વડોદરા તા.13

ગુજરાતમાં સંગઠિત ગુનાખોરી સામે અમલમાં મુકાયેલા કડક 'ગુજસીટોક' કાયદા હેઠળ ઝડપાયેલા આરોપીને મેડિકલ તપાસ માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવતા સમગ્ર હોસ્પિટલ પરિસર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. ગોધરા રેલવે પોલીસના રિમાન્ડ હેઠળ રહેલા મોમીન મિયા ઉર્ફે મોઈન શેખની સુરક્ષાને ધ્યાનમાં રાખી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ખેડા જિલ્લાના અંગારી ગામના રહેવાસી મોઈન શેખ સામે સંગઠિત ગેંગ ચલાવવા અને ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવણીના આરોપો હેઠળ ગુનો નોંધાયો છે. કાયદાકીય પ્રક્રિયા મુજબ રિમાન્ડ દરમિયાન આરોપીની મેડિકલ તપાસ કરાવવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપીની પૂછપરછ દરમિયાન અન્ય શખ્સો અને આંતરરાજ્ય કનેક્શન અંગે મહત્વની માહિતી મળવાની શક્યતા છે. ગોધરા રેલવે પોલીસ સમગ્ર મામલે ઊંડી તપાસ ચલાવી રહી છે.

## કાલે રોજગાર ભરતી માટે ઈન્ટરવ્યુ

**વડોદરા :** યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ.ઈ.બી.), વડોદરા દ્વારા તા.15 મે 2026, શુક્રવારે સવારે 10 વાગ્યે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. કમાટી બાગ સામે અને યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં આવેલા યુ.ઈ.બી. કાર્યાલય ખાતે યોજાનારા આ ભરતીમેળામાં બી.ઈ. (મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, આઈ.ટી.), એમ.બી.એ. (માર્કેટિંગ) તથા એમ.એસસી. (કેમિસ્ટ્રી) લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે.


**વડોદરા મહાનગરપાલિકા**
**એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ**
www.vmc.gov.in
**જાહેર સુચના**
**પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વારસીયા-સંજયનગર ખાતે તૈયાર થનાર EWS-1 ટાઈપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા લંબાવવા બાબત**

વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ શાખા, રાવપુરા દ્વારા PRO No : ૧૧૭૫/૨૫-૨૬ થી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વિવિધ યોજનામાં આવાસો મેળવવા ઓનલાઇન મંગાવવાની પ્રક્રિયા કરવામાં આવેલ હતી. જે પૈકી **વારસીયા-સંજયનગર રે.સર્વે નં.૩૮૪-૮૧૪-૪૧૭ (બેન્કર્સ હાર્ટ હોસ્પીટલ સામે, વારસીયા રિંગ રોડ, વારસીયા-સંજયનગર)**ખાતેના **EWS-1** ટાઈપના આવાસ (**આવાસની કિંમત રૂ.૩,૦૦,૦૦૦/-**) મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવાની સમયમર્યાદા વધુ **30 દિવસ** એટલે કે **તા.૧૨/૦૬/૨૦૨૬ સાંજના ૦૬.૦૦ કલાક** સુધી લંબાવવામાં આવે છે.

**તા.૧૨/૦૬/૨૦૨૬ના** રોજ **સાંજના ૦૬.૦૦ કલાક** સુધી ફોર્મ ભરી શકાશે તથા જરૂરી દસ્તાવેજો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પર અપલોડ કરી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લઈ તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

**પી.આર.ઓ.નં. ૭૪/૨૬-૨૭** **એફોર્ડેબલ હાઉસીંગ સેલ ધ્વારા પ્રકાશિત**



**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Rajpipla Division Office
Old Power House, Rajpipla 393 145
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice No. E-1 to E-57/2026-27 Adv. No.1**

Tenders E-1 to E-57 are invited for the works of (1) Erection and maintenance of HT/ LT Lines & Transformer Centres in various sub-divisions. (2) Laying, testing and commissioning of UG Cable (XLPE Cable to be supplied by DGVCL) including emergency work for locating faults in 11 KV XLPE Cable and repairing the same by providing end termination and straight through jointing kits for various Schemes under Kevadia sub-division. (3) Construction of transformer plinths of size 5 ft. x 5 ft. x 5 ft. in any sub-division. (4) Fabrication of various items from different MS raw materials for Rajpipla Division. The details are available on https://dgvcl.com and https://tender.nprocure.com.

EE (O&M), Rajpipla Division Office, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૬૭/૨૬-૨૭ | પૂર્વ ઝોન | ૦૪ | ૧૨,૯૯,૦૭૬/- |
| ૨ | ૬૯/૨૬-૨૭ | ઈલે.મિકે. સુવેજ | ૦૭ | ૨૫,૩૯,૭૯૦/- |
| 3 | ૭૨/૨૬-૨૭ | સેન્ટ્રલ વર્કશોપ | ૦૨ | ૯૯,૪૨૭/- |
| ૪ | ૭૩/૨૬-૨૭ | ઇલે.મિકે.( પા.પુ.) | ૦૧ | ૭૪,૬૩,૪૭૨/- |
| ૫ | ૭૫/૨૬-૨૭ | પશ્ચિમ ઝોન | ૦૧ | ૧,૩૨,૧૦૯/- |
| ૬ | ૭૬/૨૬-૨૭ | પૂર્વ ઝોન | ૦૫ | ૨૦,૧૧,૧૩૮/- |

**નોંધ: અ.નં. ૪ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

**પી.આર.ઓ.નં.૭૭/૨૦૨૬-૨૭** **જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત**



BARODA DAIRY
ISO 9001 : 2015
ISO 22000 : 2005
ISO 14001 : 2015
**વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
**બરોડા ડેરી,મકરપુરા રોડ, વડોદરા-૩૯૦૦૦૯**
સુગમ વિશ્વસનિય સ્વાદ

પશુઆહારની ચીજ વસ્તુઓ અને ઘાસચારાના ઉંચા ભાવ તેમજ વધતા જતા મજૂરી ખર્ચને કારણે દૂધ ઉત્પાદન ખર્ચમાં ઘણો જ વધારો થયેલ છે. આથી દૂધ ઉત્પાદકોના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂપીયા ૧૫/- સુધીનો ભાવ વધારો કરેલ છે. દૂધ ઉત્પાદનનો જથ્થો જળવાય રહે તેમજ દૂધ ઉત્પાદકો આ વ્યવસાય સાથે સંકળાયેલા રહે તે માટે બરોડા ડેરી દ્વારા ઉત્પાદિત "અમૂલ" દૂધના વેચાણ ભાવમાં વધારો કરવાનો નિર્ણય લેવાયેલ છે. તે મુજબ તા.૧૪-૦૫-૨૦૨૬ થી અમલમાં આવે તે રીતે બરોડા ડેરીના વિવિધ પ્રકારના "અમૂલ" દૂધના વેચાણ ભાવ નીચે મુજબ રહેશે, જેની નમ્ર નોંધ લેવા વિનંતી.

| અમૂલ દૂધના પ્રકાર | જુનો ભાવ રૂપિયા-પૈસા પ્રતિ પાઉચ | નવો ભાવ રૂપિયા-પૈસા પ્રતિ પાઉચ |
|---|---|---|
| અમુલ ગોલ્ડ દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૩૪.૦૦ | ૩૫.૦૦ |
| અમૂલ ગોલ્ડ દૂધ પાઉચ ૬ લીટર | ૪૦૮.૦૦ | ૪૨૦.૦૦ |
| અમૂલ શક્તિ દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૩૧.૦૦ | ૩૨.૦૦ |
| અમૂલશક્તિ દૂધ પાઉચ ૬ લીટર | ૩૭૨.૦૦ | ૩૮૪.૦૦ |
| અમૂલ ગાય દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૨૯.૦૦ | 30.00 |
| અમૂલ ગાય દૂધ પાઉચ ૨૦૦ મીલી | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| અમૂલ તાઝા દૂધ પાઉચ ૧૬૦ મીલી ની જગ્યાએ ૧૫૦ મીલી ૧૪-૦૫-૨૦૨૬ થી | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| અમૂલ તાઝા દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૨૮.૦૦ | ૨૯.૦૦ |
| અમૂલ તાઝા દૂધ પાઉચ ૬ લીટર | ૩૩૬.૦૦ | ૩૪૮.૦૦ |
| અમૂલ સ્લીમ એન્ડ ટ્રીમ દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૨૫.૦૦ | ૨૬.૦૦ |

નોંધ : - અમૂલ તાઝા ૧૬૦ મીલી પાઉચની ફિલ્મ હશે ત્યાં સુધી ૧૬૦ મીલી પેકિંગમાં મળશે. ત્યાર બાદ ૧૫૦ મીલી પેકિંગમાં આપવામાં આવશે. - **મેનેજીંગ ડીરેકટર**



**ભારતીય સેનામાં જોડાવો**
**એક અધિકારી તરીકે ભારતીય સેનામાં જોડાવો**
www.joinindianarmy.nic.in

**અધિકારી પ્રવેશ**

**ભારતીય સેનાના 10+2 TES - 56 કોર્સ (જાન્યુઆરી 2027) માટે ઓનલાઇન અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. ઓનલાઇન અરજીઓ www.joinindianarmy.nic.in પર 13 મે 2026 થી 12 જૂન 2026 સુધી ખુલ્લી છે. TES-56 કોર્સ માટે JEE Mains 2026 ફરજિયાત છે. આ ધોરણ 12માં PCM (ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને ગણિત)માં ન્યૂનતમ 60% ગુણના માપદંડ ઉપરાંત છે.**

**OFFICER ENTRY**

Online applications are invited for 10+2 Technical Entry Scheme (TES-56) course (Jan 2027) of Indian Army. Online applications will open on www.joinindianarmy.nic.in from 13 May 2026 to 12 Jun 2026. JEE (Mains) 2026 is mandatory for TES-56 Course. This is in addition to the criteria of minimum 60% marks in PCM (Physics, Chemistry and Mathematics) in Class 12th.

**નોંધ:**
1. સેનામાં ભરતી સંપૂર્ણપણે પારદર્શક અને નિઃશુલ્ક છે. દલાલોથી સાવધ રહો.
2. વિગતવાર સૂચના માટે કૃપા કરીને www.joinindianarmy.nic.in પર જાઓ.

**Note** :
1. Recruitment in the Army is totally transparent and free. Beware of touts.
2. For detailed Notification, visit www.joinindianarmy.nic.in

cbc 10601/11/0003/2627